કોંગ્રેસ દ્વારા કારકિર્દીના ઊંબરે ધોરણ ૧૨ પછી શું?નું કારકિર્દી માર્ગદર્શન ઈ-બુકનું વિમોચન

"કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન ઈ-બુકનું વિમોચન પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમીત ચાવડાએ જણાવ્યુ હતું કે, ધોરણ-૧૨ પછી જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી અતિ આવશ્યક બની જાય છે, હાલના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પોતાની ક્ષમતા અનુરૂપ અભ્યાસક્રમ પસંદ કરી શકે અને તેમાં અસરકારક દેખાવ કરે એ માટે સતત ચૌદમાં વર્ષે કારકિર્દી માર્ગદર્શન પુસ્તકથી માહિતી આપવાનો કોંગ્રેસ પક્ષ દ્વારા આ સંનિષ્ઠ પ્રયત્ન છે. કારકિર્દીના અતિ મહત્વના વર્ષ એવા ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળતા મેળવનાર સહુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને હાર્દિક અભિનંદન. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ અને તેમના વાલી સતત મહેનત કરીને સફળતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. જે તે સરકારની જવાબદારી છે કે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આગળના અભ્યાસક્રમ માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પડે, પરંતુ તેમ કરવામાં રાજ્યની ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. દેશના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ એવી કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકાર પ્રજાના હિતાર્થે "રાઈટ ટુ એજ્યુકેશન" નો કાયદો લાવી, સાક્ષર ભારતના નિર્માણ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી અને યોજનાઓના અમલીકરણ માટે મોટા પ્રમાણમાં નાણાની ફાળવણી પણ કરી, પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગમાં ચાલતા મોટા ભ્રષ્ટાચારથી વિદ્યાર્થી જગતને તેનો લાભ પૂરતા પ્રમાણમાં મળતો નથી. "કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન પુસ્તક તૈયાર કરનાર કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ડૉ. વિજય દવે, નિશીત વ્યાસ, કિર્તન જાની અને હિરેન બેન્કરને કોંગ્રેસ પક્ષ તરફથી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

"કારકિર્દીના ઊંબરે" ધોરણ ૧૨ પછી શું? કારકિર્દી માર્ગદર્શન ઈ-બુકનું વિમોચન પ્રસંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી પરેશ ધાનાણીએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળતા મેળવનાર સર્વે વિદ્યાથી મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન. જીવનમાં પ્રગતિ માટે ધોરણ-૧૨ પછી સાચા અને રસના અભ્યાસક્રમની પસંદગી અતિ આવશ્યક બની જાય છે. વિદ્યાર્થી મિત્રોને સાચા માર્ગદર્શન માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સંનિષ્ઠ આગેવાન અને મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશી (એન્જીનીયર) અને તેમના સહયોગીઓ દ્વારા માર્ગદર્શક ઈ-બુક "કારકિર્દીના ઉંબરે ધોરણ ૧૨ પછી શું?" પ્રસિદ્ધ કરવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે તે પ્રસંશનીય છે. આવા સુંદર માર્ગદર્શક પુસ્તક પ્રસિદ્ધ કરવા બદલ સહુને અભિનંદન પાઠવું છું. ભાજપ સરકાર ફી નિર્ધારણ કાયદો લાવી પરંતુ તેના દ્રઢ અમલમાં ઉદાસીનતા સેવતી હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

બગડેલા હેન્ડપંપની દુરસ્તી માટે પ્રત્યેક તાલુકા પંચાયત કક્ષાએ નિભાવાતા રજીસ્ટરમાં નોંધણી કરાવવાં જાહેર અનુરોધ

રાજપીપળા, નર્મદા જિલ્લામાં ચાલુ વર્ષે પીવાના પાણીની ઉદભવનારી સંભવિત સમસ્યાની શક્યતાઓને લક્ષમાં લઈને તેના નિવારણ માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા સાવચેતી સ્વરૂપે લેવાયેલ કેટલાક પગલાઓના ભાગરૂપે જિલ્લાની દરેક તાલુકા પંચાયતની કચેરીમાં બગડેલા હેન્ડપંપની દુરસ્તી માટેની રજૂઆત નોંધવા માટે રજીસ્ટરની નિભાવણી કરવામાં આવેલ છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ મારફતે પાણી અંગેની ફરિયાદો અથવા હેન્ડપંપ રિપેર માટેની નોંધણી ૨૪ કલાક કાર્યરત પાણી પુરવઠા બોર્ડના ટોલ ફ્રી નંબર-૧૯૧૬ પર કરી શકાય છે, જેની જાહેર નોંધ લેવા વિંનતી કરાઇ છે. નર્મદા જિલ્લામાં ઉપરોક્ત વ્યવસ્થા ઉપરાંત જે તે તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી અને પાણી પુરવઠા બોર્ડના સંલગ્ન અધિકારીશ્રીઓ પણ આ કામગીરીની દૈનિક ધોરણે સમીક્ષા કરી રહ્યાં છે, જેમાં તિલકવાડાના તાલુકા વિકાસ અધિકારીશ્રી ડી.ડી.પટેલ મો. નંબર-૯૪૨૬૩૪૭૯૪૭ અને મદદનીશ / અધિક મદદનીશ ઇજનેર સુશ્રી.ડી.વસાવા મો.નંબર-૮૪૬૯૭૮૭૪૪૨, ગરૂડેશ્વર તાલુકા વિકાસ અધિકારીશ્રી સંદીપ ગાયકવાડ મો. નંબર-૭૯૮૪૫૫૯૮૮૭ અને મદદનીશ / અધિક મદદનીશ ઇજનેરશ્રી કેતન વરીયા મો. નંબર-૯૯૭૯૯૭૯૬૩૯, નાંદોદ તાલુકા વિકાસ અધિકારીશ્રી એમ.બી. વસાવા મો. નંબર-૯૭૨૭૦૯૯૯૬૩ અને મદદનીશ/અધિક મદદનીશ ઇજનેરશ્રી સી.બી.વસાવા મો. નંબર-૯૫૮૬૭૧૧૭૫૧, દેડીયાપાડા તાલુકા વિકાસ અધિકારીશ્રી જી.સી.નાઇકા મો. નંબર-૯૪૨૭૫૪૦૭૧૪ અને મદદનીશ/અધિક મદદનીશ ઇજનેરશ્રી અમિત પટેલ મો. નંબર-૯૬૬૨૫૩૦૫૯૩ તેમજ સાગબારા તાલુકા વિકાસ અધિકારીશ્રી આર.એચ.વસાવા મો. નંબર-૭૮૭૪૮૧૬૭૭૧ અને મદદનીશ/અધિક મદદનીશ ઇજનેરશ્રી આર.એ.વસાવા મો. નંબર-૯૯૯૮૩૪૦૩૬૦ ઉપર પણ સંબધિત અધિકારીશ્રીઓનો સંપર્ક સાધી શકાશે, તેમ કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, રાજપીપલા તરફથી એક અખબારી યાદીમાં જણાવાયું છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ મારફતે પાણી અંગેની ફરિયાદો અથવા હેન્ડપંપ રિપેર માટેની નોંધણી ૨૪ કલાક કાર્યરત પાણી પુરવઠા બોર્ડના ટોલ ફ્રી નંબર-૧૯૧૬ પર કરી શકાય છે, જેની જાહેર નોંધ લેવા વિંનતી કરાઇ છે.

SAR AUTO PRODUCTS LIMITEED
(Corporate Identity Number: L34100GJ1987PLC010088)
Regd.Office: 50-E Bhaktinagar Industrial Estate,Rajkot - 360002
Ph: (0281) – 2374726
Email: sapl@sarautoproductsltd.com
Website: www.sarautoproductsltd.com

NOTICE

Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015(Listing Regulations), Notice is hereby given that Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Monday, 27th May, 2019 to inter alia consider and approve the standalone audited financial result for the quarter and year ended on 31st March, 2019 at the Registered office of the Company.
This information is also available on the Company's website at www.sarautoproductsltd.com and at BSE website at www.bseindia.com.
Further, the "Trading Window" for dealing in the Equity Shares of the Company is closed from 5th April 2019 till 48 hours after the declaration of audited financial result for the quarter/year ended on 31st March, 2019.

Place: Rajkot.
By Order of Board
SAR Auto Products Limited
Sd/-
Date : 17-05-2019
RAMESHKUMAR D. VIRANI
CHAIRMAN
DIN NO: 00313236

વાહના ચેકિંગમાં આરટીઓ ઈન્સ્પેકટર દ્વારા અંદાજીત ૭ કરોડનું કલેક્શન

ગાંધીનગર, ગુજરાત પ્રાદેશિક વાહન વ્યવહાર વિભાગે વાહનોની ટેક્સ ઉઘરાણીનો આદેશ જાહેર કર્યો છે. સરકારના આદેશ મુજબ દરેક જિલ્લાના આરટીઓ વાહનોનું ચેકિંગ કરશે. રાજ્યના ૧૫૦થી વધુ આરટીઓ ઈન્સ્પેક્ટર આ કામગીરીમાં જોડાયા છે. વાહનોના ચેકિંગ માટે ટોલનાકા સહિતના ૩૨ ચેકિંગ પોઈન્ટ તૈયાર કરવામાં આવ્યા છે. રાજ્યભરમાં આ ચેકિંગના કારણે અત્યાર સુધીમાં સરકારને અંદાજીત રૂ. ૭ કરોડની આવક થઈ હોવાના અહેવાલ મળી રહ્યાં છે.

સરકારના આ આદેશના પગલે અત્યાર સુધીમાં વાહનો પાસેથી વસૂલાયેલા દંડ પેટે રૂપિયા ૭ કરોડની આવક થઈ હોવાનું જાણવા મળે છે. આરટીઓના ચેકિંગમાં ટોલનાકા પર જે વાહનોએ ટેક્સ ન ભર્યા હોય સાથે જે વાહનો ઓવરલોડ હોય તેમની પાસેથી આ ટેક્સ વસૂલવામાં આવશે. જે વાહનોને રોડ સેફ્ટિના કાયદાનું ઉલ્લંઘન કર્યુ હોય તેમને પણ દંડ ફટકારવામાં આવશે. માલ વાહક ટ્રકમાં નિશ્ચિત લંબાઈ પહોળાઈ કરતાં વધુ સામાન ભર્યો હોય તેવા વાહનો પર કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો છે.

સાયન્સ સીટી ખાતે ૫૦માં વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી ડે ની ઉજવણી કરાઈ

અમદાવાદઃ સાયન્સ સીટી ખાતે વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી ડે ની ૫૦મી જયંતિની ઉજવણી નિમીતે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ જેમા મોબાઈલ એપ્લીકશન ડેવલોપમેન્ટનો પણ સમાવેશ કરાયેલ.

આ વર્કશોપમાં એપ્લીકશન ડેવલોપર સંદીપ પટેલ અને ભાવેશ બુટાની દ્વારા માહીતી આપવામાં આવેલ. જેમાં અંદાજે ૧૦૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

સંદીપ પટેલે ફયુચર એપ ડેવલોપમેન્ટ વિશે જણાવતા કહયુ કે "સ્માર્ટફોન આપણા જીવનનો એક ભાગ બની ગયા છે. ભવિષ્યમાં સ્માર્ટ ફોન વાર્તાલાપ કરવા કરતા ધંધાકીય કામ માટે વધુ ઉપયોગમાં લેવાશે." તેમણે વિધાર્થીઓને સ્માર્ટફોન અને ટેબલેટ વચ્ચેના તફાવત વિશે પણ જાણકારી આપી.

આ ઉપરાંત વેબ ડીઝાઈનર જયદીપ ઢોકાઈ એ વેબસાઈટ ડીઝાઈનીંગ વિશે જણાવ્યુ તેમણે વેબસાઈટ ડેવલોપીગની ભાષાઓમાં HTML, જાવા સ્ક્રીપ્ટ અને સીએસએસ વિશે જણાવ્યુ.

વિધાર્થીઓ પોતાની પ્રોફાઈલ ક્રિએટ કરતા અને એપ બનાવતા પણ શીખ્યા. -

ગેલેક્ષી-એ દ્વારા સેમસંગે નવું સિમાચિહ્ન પ્રાપ્ત કર્યુ; ૭૦ દિવસોમાં ૫ મિલિયન ફોનનું વેચાણ

અમદાવાદઃ લાખો યુવાવર્ગ અને Gen Z માટે મોબાઈલ ક્ષેત્રની અગ્રગણ્ય નવીનતાઓ ધરાવતાં સેમસંગના નવા ગેલેક્ષી A સ્માર્ટફોનને ભારતમાં અત્યંત ભવ્ય પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. નવી ગેલેક્ષી A શ્રેણીની આગામી પેઢીની ઈન્ફિનિટી-ડિસ્પ્લે, ત્રિપલ રિયર કેમેરા અને શક્તિશાળી બેટરી ગ્રાહકોને અભૂતપૂર્વ અનુભવ પૂરો પાડે છે. ૧ માર્ચથી સેમસંગે ભારતમાં છ નવા ગેલેક્ષી A મોડલ – ગેલેક્ષી A10, A20, A30, A50, A70અને ગેલેક્ષી A2 કોર લોન્ચ કર્યા છે. આ તમામ મોડલ ખૂબ જ થોડા સમયગાળામાં સમગ્ર દેશમાં અત્યંત લોકપ્રિય બની ગયા છે. ગેલેક્ષી A શ્રેણીને ભારતમાં આટલી સફળ બ્રાન્ડ બનાવવા બદલ સેમસંગ ગ્રાહકોનો આભાર માને છે. ૭૦ દિવસમાં કંપનીએ ૫ મિલિયન ગેલેક્ષી A સ્માર્ટફોનનું વેચાણ કર્યુ છે, જેના કારણે કંપનીને ૧ બિલિયનથી વધુ આવકનું સર્જન થયું છે.

સેમસંગ ઈન્ડિયાના SVP અને ચીફ માર્કેટિંગ ઓફિસર રણજિવજિત સિંઘે જણાવ્યું હતું કે, "ગેલેક્ષી A ને આવી અભૂતપૂર્વ સફળતા અપાવવા બદલ હું અમારા ગ્રાહકોનો આભાર વ્યક્ત કરવા માંગુ છું. લાખો યુવાવર્ગ અને Gen Z માટે બનાવવામાં આવેલાં ગેલેક્ષી A સ્માર્ટફોન અલ્ટ્રા-વાઈડ, સ્લો-મો અને હાઈપરલેપ્સ મોડ્સમાં વીડિયો શૂટ કરવાની ક્ષમતાઓ ધરાવે છે. આ વિશેષતાઓ રિયલ-ટાઈમ કન્ટેન્ટના સર્જન અને શેરિંગની સુવિધા પુરી પાડીને સ્માર્ટફોનનો ઉપયોગ કરવાની ગ્રાહકોની પદ્ધતિમાં પરિવર્તન લાવી રહી છે. અમારી પ્રિમિયમ શ્રેણી (S10, S10+ અને S10e) પણ ખૂબ જ સારું પ્રદર્શન કરી રહી છે અને ભારતમાં પ્રિમિયમ સ્માર્ટફોનની શ્રેણી (રૂ.૩૦,૦૦૦ અને તેથી વધુ)માં અમે ૭૭ ટકા મૂલ્યનો બજાર હિસ્સો ધરાવીએ છીએ." (૧૩-૫)

BLOOM DEKOR LIMITED
CIN: L20210GJ1992PLC017341
Regd. Office: Block No. 267, Village Oran, Taluka Prantij, N. H. 8, Dist. Sabarkantha, North Gujarat - 383 205
Corporate Office: 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad - 380 059, Gujarat
Tel. Phone: +91 - 79 - 2684 1916 / 17 / 18,
Fax: + 91 - 79 - 2684 1914
E-mail: redressal@bloomdekor.com,
Website: www.bloomdekor.com

NOTICE OF BOARD MEETING

NOTICE is hereby given that the meeting of the Board of Directors of the Bloom Dekor Limited is scheduled to be held on Tuesday, May 28, 2019 at 11.00 A.M. at the corporate office of the Company situated at 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad - 380 059, Gujarat, inter alia, to consider, approve & take on record the Audited Financial Result of the Company for the quarter and year ended on March 31, 2019 as per Regulation 33 of the Listing Regulation and to consider, approve & take on record the Audited Financial Statement of the Company for the year ended on March 31, 2019.

Pursuant to Regulation 47 of the Listing Regulations, aforesaid notice may be accessed on the Company's Website at www.bloomdekor.com and may also be accessed at the website of the Stock Exchange i.e. BSE Limited at www.bseindia.com.

For, Bloom Dekor Limited
----sd----
Tushar Donda
Company Secretary
Date: May 17, 2019
Place: Ahmedabad

સેમસંગની 'ઈન્ડિયા રેડી એક્શન' ઝુંબેશ સાથે ભારતની યુવાપેઢી રૂઢીઓનું બંધન તોડવા માટે તૈયાર

અમદાવાદઃ ભારતની સૌથી ભરોસાપાત્ર મોબાઈલ અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ દ્વારા આજે ભારતીય જનરેશન ઝેડ અને યુવાપેઢી 'ઈન્ડિયા રેડી એક્શન' ઝુંબેશ દ્વારા રૂઢીઓનું બંધન તોડવા માંગે છે તેના ટ્રેન્ડ્સની પહેલી માહિતી જાહેર કરવામાં આવી હતી. આ ઝુંબેશને પ્રારંભથી જ ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને યુટ્યૂબ પર તેના વીડિયોને ૫૩ મિલિયનથી વધુ વ્યૂ મળી ચુક્યા છે. આ ઝુંબેશ દેશના યુવાનોને 'વાસ્તવિક ભારત' વિશે દૃષ્ટિકોણ બદલવા માટે અને પોતાના અભિપ્રાયો કહેવા માટે એક અજોડ મંચ પૂરો પાડે છે. 'ભારત માત્ર ક્રિકેટ રમે છે', 'ભારતમાં મનોરંજન માત્ર બોલિવૂડ પૂરતું સીમિત છે', 'ભારતમાં માત્ર મસાલેદાર ભોજન ખવાય છે', 'ભારતમાં નાઈટલાઈફનો આનંદ નથી' જેવી કેટલીક રૂઢીગત માન્યતાઓના બંધનો યુવાપેઢી તોડવા માંગે છે અને ભારતની ઉભરતી કહાની દુનિયાને બતાવવા માંગે છે.

સમગ્ર દેશમાં રેડી એક્શન ઈન્ડિયાના સહભાગીઓએ ભોજન, સ્થળો, મનોરંજન અને સંસ્કૃતિ જેવી થીમ્સ પર તેમના ટૂંકા વીડિયો શેર કર્યા છે અને પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર #IndiaReadyAction, #શહેર અને ઈથીમ હૅશટૅગ સાથે @SamsungIndia ટેગ કરીને શેર કર્યા છે. આ એન્ટ્રીઓમાં તેમણે બતાવ્યું છે કે ભારતમાં ફૂટબોલની લોકપ્રિયતા ઘણી વધી રહી છે, સંગીત રસિયાઓ મ્યુઝિક કોન્સર્ટ્સનો આનંદ લૂંટી રહ્યા છે અને ભારતમાં સુંદર શેરીઓ છે તેમજ દેશના વિવિધ ભાગોમાં વૈવિધ્યપૂર્ણ રાંધણકળા પણ છે. ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયો સેમસંગ ઈન્ડિયા માઈક્રોસાઈટ (www.samsung.com/in/IndiaReadyAction) પર ભારતના ઈન્ટરએક્ટિવ નક્શા પર લોકપ્રિય થઈ રહ્યા છે. કંપની જનરેશન ઝેડ અને યુવાપેઢીની નજરે વાસ્તવિક ભારતનો નકશો તૈયાર કરવા માંગે છે. (૧૩-૫)

અમદાવાદ વન મોલ ખાતે મેક્સ લિટલ આઈકનના ઓડિશન યોજાયા

અમદાવાદઃ કહેવાય છે કે દરેક બાળક વિશિષ્ટ હોય છે, તેનામાં કોઈને કોઈ ખૂબી કે પ્રતિભા રહેલી જ હોય છે, જરૂર માત્ર તેને યોગ્ય રીતે બહાર લાવવાની હોય છે. ઘણીવાર યોગ્ય માધ્યમ મળ્યા પછી બાળકો પોતાની છૂપી પ્રતિભા આસાનીથી બહાર લાવી શકતા હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે બાળકોમાં વિવિધ સુપરહીરો ખૂબ પ્રિય હોય છે પરંતુ બાળકોને એ ખ્યાલ હોતો નથી કે તેઓ પોતે જ એક સુપરહીરો હોઈ શકે છે અને તે કોઈ ખાસ પ્રતિભાના માલિક હોઈ શકે છે.

બાળકોની આવી જ પ્રતિભાનો બહાર લાવવા અને 'દરેક બાળક એક સુપર હીરો' છે એ સિદ્ધ કરવા માટે મેક્સ લિટલ આઈકન એક તક આપે છે. જેમાં એક આનંદથી ભરપૂર એવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોએ ફેશન વોક, ડાન્સિગ અને ડ્રોઈંગ કોમ્પિટિશનમાં સામેલ થઈને પોતાની પ્રતિભા રજુ કરી હતી. આ કોન્ટેસ્ટમાં ૨-૧૦ વર્ષની વયના બાળકો ભાગ લીધો હતો. (૧૯-૮)

પીવાના પાણીનો બગાડ અટકાવી-પાણીની બચત કરવાં પાણી પુરવઠા વિભાગનો જાહેર અનુરોધ

રાજપીપળા, ગત વર્ષે થયેલા ઓછા વરસાદને લીધે રાજ્યના જુદા જુદા પાણીના સ્ત્રોતો તથા ડેમોમાં પાણીનો જથ્થો ઓછો સંગ્રહ થયેલ હોવાથી કેટલાક વિસ્તારોમાં પીવાના પાણીની ઉભી થનારી સંભવિત શક્યતાઓના નિવારણને અનુલક્ષીને પાણીનો બગાડ ન કરવાની સાથે પાણીનો બચાવ કરવો પણ ખુબ જ જરૂરી હોઇ, જિલ્લામાં પાણીનો બગાડ થતો અટકાવીક્ક તેની બચત થાય તે જોવા પાણી પુરવઠા વિભાગ દ્વારા જાહેર અનુરોધ કરાયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પીવાનાં પાણીની તંગી તેમજ ફરિયાદો નિવારવા પાણી પુરવઠા બોર્ડના સતત ૨૪ કલાક કાર્યરત ટોલ ફ્રી નંબર "૧૯૧૬" ઉપર સંપર્ક સાધવા વિનંતી કરાઇ છે. ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા નર્મદા જિલ્લામાં હાલ ૪ જેટલી જૂથ પાણી પુરવઠા યોજના મારફતે આ યોજનાનાં સામેલ લાભાર્થી ગામોના સ્ટોરેજ એટલે ભુગર્ભ ટાંકા સુધી જરૂરી શુધ્કિરણ કરીને લાંબી પાઇપલાઇન દ્વારા લોકોને પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. આ પાઇપલાઇનો ઉપર સ્લુઝ / એરવાલ્વ બેસાડવામાં આવે છે, જેથી પાણીનું પરિવહન નિર્વિઘ્ને કરી શકાય. કેટલાક શરારતી તત્વો દ્વારા સ્લુઝવાલ્વ / એરવાલ્વ સાથે ચેડા કરીને પોતાના રહેણાંક/ જરૂરીયાતનાં સ્થળે પાણી મેળવવામાં આવે છે. આવા કૃત્યોથી પાણીનો બગાડ થાય છે અને પાણી દુષિત થવાની શક્યતાઓ વધી જાય છે અને યોજનાના છેવાડે આવેલ ગામો સુધી પાણી પહોંચતું નથી. પાઇપ લાઇન / સ્લુઝ વાલ્વ / એરવાલ્વ સાથે ચેડા કરવા (સરકારી મિલકતને નુકશાન કરવા) અને પીવાના પાણીને પ્રદુષિત કરવા (જાહેર સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાં) બન્ને અપરાધિક બાબતો હોઇ જાહેર જનતાને આવા કૃત્યોથી દુર રહેવા ખાસ વિનંતી કરવામાં આવે છે.

કોસ્મો ફિલ્મ્સનો ચોથા ત્રિમાસિક ગાળામાં પીએટી ૨૭ કરોડ

નાણાકીય વર્ષ ૧૯માં ચોખ્ખી આવક ૨,૧૫૬ કરોડ થઈ

અમદાવાદ : પેકેજિંગ, લેબલિંગ અને લેમિનેશન એપ્લિકેશન્સ અને સિન્થેટિક પેપર માટે ફિલ્મોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી કોસ્મો ફિલ્મ્સ લિમિટેડે ૩૧ માર્ચ, ૨૦૧૯નાં રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે એનાં નાણાકીય પરિણામોની આજે જાહેરાત કરી હતી. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નાં ચોથા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખી આવક વાર્ષિક ધોરણે ૧૦ ટકા વધી હતી, જેમાં સેલ્સ વોલ્યુમમાં ૬ ટકા વૃદ્ધિ મુખ્ય જવાબદાર પરિબળ હતું, જે કાચા માલની કિંમતો અને પ્રોડક્ટ મિક્સમાં અનુકૂળ ફેરફારોમાંથી પસાર થયું હતું. કંપનીએ ત્રિમાસિક ગાળા દરમિયાન અત્યાર સુધીનાં કોઈ પણ ત્રિમાસિક ગાળામાં સૌથી વધુ EBITDA રૂ. ૫૮.૪ કરોડ હાંસલ કરી હતી. બીઓપીપી ફિલ્મનું માર્જિન ત્રિમાસિક ગાળામાં વધ્યું હતું, જે માટે સ્થાનિક સેગમેન્ટમાં વધારે માગ અને પુરવઠાનું સંતુલન જવાબદાર છે. સ્પેશિયાલિટી ફિલ્મોનું વેચાણ અને કાર્યકારી કાર્યદક્ષતામાં સતત સુધારાએ સંયુક્તપણે પરિણામો સુધાર્યા છે. (૩-૧)

પીએનબી મેટલાઈફે ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર તરીકે સમીર બંસલની નિમણૂકની જાહેરાત કરી

અમદાવાદ, ભારતમાં ટોચની ૧૦ ખાનગી જીવન વીમાકંપનીઓમાંની એક પીએનબી મેટલાઈફ (નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં)એ એનાં નવા ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર તરીકે સમીર બંસલની જાહેરાત કરી હતી. સમીર અગાઉ પીએનબી મેટલાઈફ માટે બેંક એશ્યોરન્સનાં હેડ હતાં. સમીર વર્ષ ૨૦૦૭થી પીએનબી મેટલાઈફ સાથે છે તથા તેમણે પંજાબ નેશનલ બેંક અને અન્ય બેંકા પાર્ટનર્સ સાથે પાર્ટનરશિપ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે તેમજ આ માટેની વ્યાવસાયિક વ્યૂહરચના પર સારી કામગીરી કરી છે. કંપનીમાં ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર તરીકેની નવી ભૂમિકામાં તેમને બેંકાશ્યોરન્સ, એજન્સી અને ડાયરેક્ટ ચેનલ્સ સહિત તમામ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાં વ્યવસાયનું સંચાલન કરવાની જવાબદારી સુપરત કરવામાં આવી છે. (૧)

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank
ICICI Bank Limited

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લી., આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસ, જુના પાદરા રોડ, વડોદરા- ૩૯૦૦૦૭, ગુજરાત
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.
બ્રાન્ચ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક લી., ઓફિસ નંબર ૨૦૧-બી, ૨જો માળ, રોડ નં.૧ પ્લોટ નં.- બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)- ૪૦૦૬૦૪

આથી સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચુકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારાનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧	સંજયકુમાર પ્રાગજીભાઈ કંકોટીયા/પ્રાગજીભાઈ વિરભાઈ કાંકોટીયા- LBSUR00002967502	ફ્લેટ નં. ૧૦૦૪, ૧૦મો માળ, બિલ્ડીંગ ૧ સમરણ રંગ રાગ સોસાયટી, રેવ સર્વે નં. ૧૦૦/૩, બ્લોક નં. ૧૧૭, ગામ જહાંગીરપુરા, સુરત- ૩૯૪૫૪૦/૧૪મી મે, ૨૦૧૯.	૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ રૂા. ૩૭,૧૯,૧૯૩.૦૦/-	સુરત
૨	અનીરૂદ્ધ પ્રતાપસિંહ મોરી/પ્રકાશબા અનિરૂદ્ધ મોરી- LBSUR00002036330/ LBSUR00002909026	ફ્લેટ નં. સી ૩૦૬, બિલ્ડિંગ સી, ૩જો માળ, મહેક રેસીડેન્સી, કોઝવે રોડ, રેવ સર્વે નં. ૨૨, ટી.પી. સ્કીમ નં. ૨૬, ફાયનલ પ્લોટ નં. ૨૨, તાલુકા સિંગનપોર, સુરત- ૩૯૫૦૦૪/૧૪ મે, ૨૦૧૯.	૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ રૂા. ૧૪,૨૪,૧૪૫.૦૦/-	સુરત
૩	અનીલભાઈ કે. પમાલીયા/હિરાબેન અનીલભાઈ પમાલીયા- LBSUR00002922301/ LBSUR00002279736	ફ્લેટ નં. સી ૩૦૨,સાઈ પુજા રેશીડેન્સી, આર.એસ. નં. ૮૦/૧-૧ અને ૮૦/૨, બ્લોક નં. ૧૨૪, ટીપીએસ ૨૭, એફ.પી.૧૪૧, કોસાડ, અડાજણ, સુરત- ૩૯૫૦૦૪/૧૪ મે, ૨૦૧૯.	૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ રૂા. ૩૨,૭૨,૪૨૪.૦૦/-	સુરત
૪.	રમેશભાઈ કલાથીયા/ગીતાબેન રમેશભાઈ